# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04.10.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે સરકારે GST અને 4 શ્રમ સંહિતા દ્વારા રાષ્ટ્રીય માળખાને મજબૂત બનાવ્યું.

2) વિદેશ મંત્રાલયે પાકિસ્તાન તરફથી થતી ઘૂસણખોરી અંગે સખત વિરોધ નોંધાવી પાકિસ્તાન ઉચ્ચાયોગના કાર્યકારી પ્રભારીને સમન્સ પાઠવ્યા.

3) શિક્ષણ મંત્રાલયે શાસ્ત્રીય ભાષાઓના અભ્યાસ માટે ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં પાંચ શ્રેષ્ઠતા કેન્દ્રોની સ્થાપનાને મંજૂરી આપી.

4) એશિયન ગેમ્સ 2026નું આજે સમાપન – ભારત 85 ચંદ્રકો સાથે ચોથા સ્થાને.

5) ભારતે વેસ્ટ ઈન્ડિઝ સામે ત્રણ મેચની એક દિવસીય મેચોની શ્રેણી 2-1 થી જીતી.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# FM - KAUTILYA CONCLAVE

નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે રાજકોષીય સમજદારી, માળખાગત રોકાણ, બેંકિંગ સુધારાઓ, સુધારેલ વિતરણ વ્યવસ્થા અને સતત સુધારાઓના સંયોજનથી છેલ્લા દાયકામાં ભારતની આર્થિક શક્તિ અને સ્થિતિસ્થાપકતા મજબૂત થઈ છે. નવી દિલ્હીમાં 5મા કૌટિલ્ય આર્થિક સંમેલનને સંબોધતા,નાણામંત્રીએ કહ્યું કે સરકારે GST, નાદારી કોડ અને ચાર શ્રમ કોડ દ્વારા રાષ્ટ્રીય માળખાને મજબૂત બનાવ્યા છે. તેમણે કહ્યું કે ભારતે તેના મૂળભૂત સિદ્ધાંતોને જાળવી રાખીને છેલ્લા ચાર વર્ષના પડકારોનો સામનો કર્યો છે.

## (BYTE – NIRMALA SL NEW)

*(वित्त वर्ष 2027 की पहली तिमाही में वास्तविक सकल घरेलू उत्पाद (जीडीपी) बढ़कर 7.8 प्रतिशत हो गया है। वहीं अगस्त 2026 में खुदरा महंगाई दर 4.82 प्रतिशत रही। पहली तिमाही में चालू खाता घाटा सकल घरेलू उत्पाद का 0.5 प्रतिशत रहा।)*

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નેટવર્કનો વિસ્તાર લગભગ 61 ટકા થયો છે અને 2014 થી કાર્યરત એરપોર્ટની સંખ્યા બમણી થઈ ગઈ છે. તેમણે એ પણ માહિતી આપી હતી કે પીએમ મુદ્રા યોજના હેઠળ 52 કરોડથી વધુ ગેરેન્ટી વગર લોન મંજૂર કરવામાં આવી છે.

# NITI - KAUTILYA CONCLAVE

નીતિ આયોગના સભ્ય રાજીવ ગૌબાએ ઝડપથી બદલાતા ભૂરાજકીય, તકનીકી અને આર્થિક વાતાવરણને અનુરૂપ નિયમનકારી પ્રણાલીમાં પરિવર્તન લાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

તેમણે જણાવ્યું હતું કે નીતિ નિર્માતાઓ સામે પડકાર નિયમન અને આર્થિક વૃદ્ધિ વચ્ચે પસંદગી કરવાનો નથી, પરંતુ એવા નિયમો વિકસાવવાનો છે જે જોખમોનું સંચાલન કરે અને નવીનતા, સ્પર્ધા અને રોકાણને પ્રોત્સાહન આપે.

શ્રી ગૌબાએ ગઈકાલે નવી દિલ્હીમાં 5મા કૌટિલ્ય આર્થિક પરિષદ દરમિયાન "વિક્ષેપના યુગમાં નિયમનકારી દેખરેખ" વિષય પર એક સત્રને સંબોધતા આ નિવેદન આપ્યું હતું. તેમણે ભાર મૂક્યો હતો કે નિયમો ઘડતી વખતે સંતુલિત અને અનુરૂપ અભિગમ અપનાવવો જોઈએ. શ્રી ગૌબાએ વિવિધ નિયમનકારી સંસ્થાઓ વચ્ચે વધુ સારા સંકલનની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

# MEA – PAKISTAN

વિદેશ મંત્રાલયે પાકિસ્તાન ઉચ્ચાયોગના કાર્યકારી પ્રભારીને સમન્સ પાઠવ્યા છે. પાકિસ્તાન તરફથી ચાલી રહેલી ગેરકાયદેસર ઘૂસણખોરી અંગે ભારતે કડક વિરોધ નોંધાવ્યો છે. પંજાબના ફિરોઝપુર સેક્ટરમાં શુક્રવારની ઘટના અંગે પાકિસ્તાનના આરોપોને પણ ભારતે પાયાવિહોણા ગણાવ્યા છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર ત્રણ વ્યક્તિઓ પાકિસ્તાનથી ભારતીય સરહદમાં પ્રવેશ્યા હતા. સરહદ સુરક્ષા દળ BSFએ તેમને વારંવાર પાછા ફરવાની ચેતવણી આપી હતી, પરંતુ તેઓ સરહદી વાડ તરફ આગળ વધતા રહ્યા ત્યારે BSF એ તેમની સામે કાર્યવાહી કરવી પડી હતી.

ભારતે જણાવ્યું હતું કે આવી ઘટનાઓ પાકિસ્તાન તરફથી સતત ઘૂસણખોરી અને દાણચોરીને પ્રતિબિંબિત કરે છે. ભારતે પાકિસ્તાનને આ ઘટનાઓ અને ડ્રગ્સની દાણચોરીની તપાસ કરવા અને તેના સરહદી સુરક્ષા દળોની ભૂમિકા પર કાર્યવાહી કરવા જણાવ્યું છે. પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય સરહદનું સન્માન કરવા અને તેની બાજુથી ગેરકાયદેસર હિલચાલ અટકાવવા માટે અસરકારક પગલાં લેવા પણ જણાવવામાં આવ્યું છે.

# ISRAEL- INDIAN PILOT

ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ ભારતીય પાઇલટ કેપ્ટન સ્મિત મચ્છર અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ઇઝરાયલના આગામી સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન પરંપરાગત ઔપચારિક જ્યોત પ્રગટાવવા માટે આમંત્રણ આપ્યું છે.

પ્રધાનમંત્રી નેતન્યાહૂએ કેપ્ટન મચ્છર સાથે ફોન પર વાત કરી હતી અને તેમની હિંમતની પ્રશંસા કરી હતી. તેમણે કેપ્ટન મચ્છરને ભારત, ઇઝરાયલ અને સમગ્ર વિશ્વના હીરો ગણાવ્યા હતા. નેતન્યાહૂએ કેપ્ટન માછર ઝડપથી અને સંપૂર્ણ સ્વસ્થ થાય તેવી શુભેચ્છા પાઠવી હતી. ભારત અને ઇઝરાયલમાં કેપ્ટન મચ્છરની હિંમત અને સમર્પણની પ્રશંસા થઈ રહી છે.

# CENTRE - CLASSICAL LANGUAGES

શિક્ષણ મંત્રાલયે શાસ્ત્રીય ભાષાઓના અભ્યાસ માટે ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં પાંચ શ્રેષ્ઠતા કેન્દ્રોની સ્થાપનાને મંજૂરી આપી છે. ઉચ્ચ શિક્ષણ વિભાગ અનુસાર આ કેન્દ્રો શાસ્ત્રીય આસામી, શાસ્ત્રીય બંગાળી, શાસ્ત્રીય મરાઠી, શાસ્ત્રીય પાલી અને શાસ્ત્રીય પ્રાકૃતના અભ્યાસ માટે સમર્પિત હશે. આ કેન્દ્રો આ ભાષાઓ પર ઉચ્ચ-સ્તરીય સંશોધન કરશે, અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ

## (VC – SAKLAIN AKHTAR)

*(असम में तेजपुर विश्वविद्यालय, पश्चिम बंगाल में विश्वभारती विश्वविद्यालय, पुणे में डेक्कन कॉलेज पोस्ट-ग्रेजुएट एंड रिसर्च इंस्टीट्यूट, ओडिशा केंद्रीय विश्वविद्यालय और गुजरात केंद्रीय विश्वविद्यालय में स्थापित किए जाएंगे। यह पहल इन शास्त्रीय भाषाओं से संबंधित उन्नत अकादमिक अनुसंधान, भाषाई और साहित्यिक विरासत के संरक्षण और डिजिटलीकरण तथा ज्ञान के व्यापक प्रसार के लिए समर्पित संस्थागत सहायता प्रदान करेगी।)*

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# PARLIAMENT COMMITTEES

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ અનેક સંસદીય સમિતિઓની પુનઃરચના કરી છે અને નવા અધ્યક્ષોની નિમણૂક કરી છે. ભાજપ સાંસદ ભર્તૃહરિ મહતાબને નાણાં સમિતિના અધ્યક્ષ  બનાવવામાં આવ્યા છે. કોંગ્રેસના સાંસદ શશિ થરૂર વિદેશ બાબતોની સમિતિની અધ્યક્ષતા કરશે. ભાજપ સાંસદ સુધીર ગુપ્તા રેલવે સમિતિ, ડો.કાકોલી ઘોષ દસ્તીદારને રસાયણ અને ખાતર સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરાયા છે.

કોંગ્રેસના સાંસદ ચરણજીત સિંહ ચન્ની કૃષિ, પશુપાલન અને ફૂડ પ્રોસેસિંગ સમિતિ, ભાજપના સાંસદ રાધા મોહન સિંહ સંરક્ષણ સમિતિ, રાજીવ પ્રતાપ રૂડી જળ સંસાધન સમિતિ જ્યારે કોંગ્રેસના સાંસદ સપ્તગિરી ઉલાકા ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ સમિતિના અધ્યક્ષ છે. ભાજપ સાંસદ નિશિકાંત દુબેને સંદેશાવ્યવહાર અને માહિતી ટેક્નોલોજી સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. આ સમિતિઓનો કાર્યકાળ ગયા મહિનાની 26મી તારીખે શરૂ થયો હતો.

# UKRAINE- RUSSIA CONFLICT

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ કહ્યું છે કે યુક્રેન રશિયન તેલ રિફાઇનરીઓ પર તેના હુમલા ચાલુ રાખશે. તેમણે આરોપ લગાવ્યો કે રશિયાએ કિવ અને અન્ય યુક્રેનિયન શહેરોમાંથી નાગરિકોને વિસ્થાપિત કરવાના હેતુથી હવાઈ હુમલાઓ તીવ્ર બનાવવાની નવી નીતિ અપનાવી છે.

શ્રી ઝેલેન્સકીએ કહ્યું કે યુક્રેનિયન ગુપ્તચર એજન્સીઓએ દસ્તાવેજો મેળવ્યા છે જે દર્શાવે છે કે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને શિયાળા પહેલા નાગરિક લક્ષ્યો પર હુમલાઓનો વિસ્તાર કરતી નવી લશ્કરી નીતિને મંજૂરી આપી છે. શ્રી ઝેલેન્સકીના મતે માર્યા ગયેલા અને ઘાયલ થયેલા રશિયન સૈનિકોની સંખ્યા સતત વધી રહી છે અને આ જ કારણ છે કે રાષ્ટ્રપતિ પુતિન પોતાના શક્તિ પ્રદર્શનનો પ્રયાસ કરી રહ્યા છે.

# ASIAN GAMES - CLOSING

એશિયન ગેમ્સ 2026નું આજે સમાપન થશે. સમાપન સમારોહ જાપાનના નાગોયા શહેરના મિઝુહો પાર્ક એથ્લેટિક સ્ટેડિયમમાં ભારતીય સમય મુજબ સાંજે 6 વાગ્યે શરૂ થશે. ભારતે આ વર્ષે શાનદાર પ્રદર્શન સાથે કુલ 85 ચંદ્રકો જીત્યા છે. જેમાં 21 સુવર્ણ, 27 રજત અને 37 કાંસ્યચંદ્રકનો સમાવેશ થાય છે. ભારત મેડલ ટેલીમાં ચોથા સ્થાને રહ્યું. શૂટર નીરુ ધાંડા સમાપન સમારોહમાં ભારતના ધ્વજવાહક હશે. તે ત્રિરંગો લઈને ભારતીય ટુકડીનું નેતૃત્વ કરશે.

# CRICKET - IND vs WI FINAL

ભારતે વેસ્ટ ઈન્ડિઝ સામે ત્રણ મેચની એક દિવસીય મેચોની શ્રેણી 2-1 થી જીતી લીધી છે. પહેલી બે મેચ જીત્યા બાદ ગઈકાલે ન્યુ ચંદીગઢ સ્ટેડિયમ ખાતે રમાયેલી અંતિમ મેચમાં ભારતનો પાંચ વિકેટથી પરાજય થયો હતો.

પ્રથમ બેટિંગ કરતા ભારતે 50 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને 351 રન બનાવ્યા, જેમાં રોહિત શર્માએ 92 અને કેએલ રાહુલે અણનમ 129 રન બનાવ્યા. જવાબમા, વેસ્ટ ઈન્ડિઝે 48 ઓવર અને 2 બોલમાં 5 વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કર્યું. વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન શાઈ હોપને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના તમામ અખબારોએ અલગ અલગ સમચારોની હેડલાઈન બનાવી છે..
- દિવ્ય ભાસ્કર પ્રથમ પાના પર લખે છે.. ક્રિકેટમા પાક, હોકીમા મલેશિયાને હરાવીને ભારતે ગોલ્ડ મેડલ જીત્યો...US ની વિઝા અરજી સાથે 20 હજાર ડોલરના બોન્ડ ફરજિયાત, ભારતીયોને લાગુ નહીં પડે.. કેપ્ટન સ્મિત મચ્છરે જેની સામે ઝઝુમી લોકોને બચાવ્યા એ ઓમાની પાઈલટ કટ્ટરપંથી હતો....
- સંદેશ લખે છે FIRથી SC, 3 વર્ષમા ચુકાદો આપવાનો રહેશે- શાહ.. દુબઈના ક્રાઉન પ્રિન્સે ભારતીય પાયલટ સ્મિત મચ્છરની હિંમત, જવાબદારી અને અદમ્ય સાહસની પ્રશંસા કરી...
- નવગુજરાત સમય લખે છે યુદ્ધના અંત માટે રશિયા પછી યુક્રેન પણ ભારતની દરખાસ્તથી સંમત
- ગુજરાત સમાચારની હેડલાઈન છે નાયરાનુ પેટ્રોલ 5, ડીઝલ 3 રુપિયા મોંઘુ...
- સ્થાનિક સમાચાર પર નજર કરીએ તો છઠ પુજા માટે શ્રદ્ધાળુ સુરતમા છઠ સરોવરના દાદર પર કલરથી નામ મોબાઈલ નંબર લખી એડવાન્સમા જગ્યા રોકવા લાગ્યા...ગુજરાતમાથી ચોમાસાની વિદાય, છેલ્લા 8 વર્ષમા સૌથી ઓછો વરસાદ..